# ગુજરાત પ્રદેશ કોંગ્રેસ સમિતિ

રાજીવ ગાંધી ભવન" સંસ્કાર કેન્દ્ર માર્ગ, વી.એસ. હોસ્પિટલ પાસે, એલિસબ્રીજ,અમદાવાદ-૩૮૦૦૦૬.
ફોન : ૦૭૯-૨૬૫૭૮૨૧૨-૨૧૩,૨૬૫૭૮૧૬૧,૨૬૫૭૮૩૧૧ ફેક્સ : ૦૭૯-૨૬૫૭૯૫૮૯
Web : www.incgujarat.com E – mail : gpcc1234@gmail.com


અખબારી યાદી તા ૧૪/૧૧/૨૦૨૨

- **કોંગ્રેસ પક્ષના લડાયક ઉમેદવારશ્રીઓએ પરિવર્તનના સંકલ્પ અને મોઘવારી, બેરોજગારી,ભ્રષ્ટાચારના ભાજપના કુશાસનને હટાવવાના નિર્ધાર સાથે ગુજરાત વિધાનસભા ચુંટણી૨૦૨૨ના પ્રથમ તબક્કાની બેઠકો માટે ઉમેદવારી પત્રો ભર્યા.**
- **અણઘડ વહીવટ, કથળતી કાયદો અને આરોગ્ય વ્યવસ્થા સહીતના પ્રજાના પ્રાણ પ્રશ્નોને કેન્દ્રસ્થાને રાખી સતત લડત આપતા કોંગ્રેસ પક્ષના ૨૨ જેટલા ધારાસભ્યોએ વિધાનસભા ૨૦૨૨ માટે ઉમેદવારી નોધાવી**
- **ગુજરાતમાં કોંગ્રેસ પક્ષને મળી રહેલા જનતાના જન સમર્થન જન આશીર્વાદને આવકાર સાથે કોંગ્રેસ પક્ષના વરિષ્ઠ આગેવાન-નેતાશ્રીએ પણ પોતાની ઉમેદવારી નોધાવી**

ગુજરાત વિધાનસભાની બે તબક્કામાં જાહેર થઈ છે ત્યારે પ્રથમ તબક્કાના નામાંકન માટેના અંતિમ દિવસે ગુજરાત કોંગ્રેસના યશસ્વી ઉમેદવારશ્રીઓએ પોતાની જવલંત વિજયના સંકલ્પ સાથે ગુજરાતની જનતાને સાથે લઈને પરિવર્તનના સંકલ્પ અને ભય,ભૂખ,ભ્રષ્ટાચારના કુશાસનને હટાવવાના નિર્ધાર સાથે ગુજરાત વિધાનસભા ચુંટણીના પ્રથમ તબક્કાની બેઠકો માટેના કોંગ્રેસ પક્ષના લડાયક ઉમેદવારશ્રીઓએ આજરોજ ઉમેદવારી પત્રો ભર્યા. ગુજરાત કોંગ્રેસના ઉમેદવારશ્રીઓ મોટી સંખ્યામાં સમર્થકો, કાર્યકરો, આગેવાનોએ રેલી સ્વરૂપે જોડાઈ ઉમેદવારી કરી હતી અને ભવ્ય જીતનો વિશ્વાસ વ્યક્ત કર્યો. ૨૭ વર્ષના કુશાસનના અંતની હવે ઘડીઓ ગણાઇ રહી છે ત્યારે પરિવર્તન એ જ નિર્ધાર સાથે ગુજરાતીની સ્થાનિક જનતામાં એક ખુશીની લહેરવ્યાપીલી જોવા મળી રહી છે. **અણઘડ વહીવટ, કથળતી કાયદો અને આરોગ્ય વ્યવસ્થા સહીતના પ્રજાના પ્રાણ પ્રશ્નોને કેન્દ્રસ્થાને રાખી સતત લડત આપતા કોંગ્રેસ પક્ષના ૨૨ જેટલા ધારાસભ્યોએ વિધાનસભા ૨૦૨૨ માટે ઉમેદવારી નોધાવી** હતી.

સમગ્ર **ગુજરાતમાં કોંગ્રેસ પક્ષને મળી રહેલા જનતાના જન સમર્થન જન આશીર્વાદને આવકાર સાથે કોંગ્રેસ પક્ષના વરિષ્ઠ આગેવાન-નેતાશ્રીએ પણ પોતાની ઉમેદવારી નોધાવી** હતી જેમાં કોંગ્રેસ ગુજરાત પ્રદેશ કોંગ્રેસ સમિતિના પૂર્વ પ્રમુખશ્રી અર્જુનભાઈ મોઢવાડિયાએ પોરબંદરથી, કોંગ્રેસ પક્ષના અમરેલી વિધાનસભા બેઠકના ભારતીય રાષ્ટ્રીય કોંગ્રેસ પક્ષના ઉમેદવાર અને પૂર્વ નેતા વિપક્ષશ્રી પરેશ ધાનાણી, ગુજરાત પ્રદેશ કોગ્રેસ સમિતિના કાર્યકારી અધ્યક્ષશ્રી લલિત કગથરાએ ટંકારાથી, શ્રી ઋત્વિક મકવાણાએ ચોટીલાથી, શ્રી અંબરીશ ડેરે રાજુલાથી,અનુસુચિત જનજાતિ ડીપાર્ટમેન્ટના અધ્યક્ષ અને યુવાનેતાશ્રી અનંત પટેલે વાંસદાથી આજે વિશાળ સમર્થકો અને કોંગ્રેસ આગેવાનો- કાર્યકરો સાથે નામાંકન પત્ર ભર્યું હતું. આ મહત્વનના પ્રસંગે ખૂબ જ મોટી સંખ્યામાં મત વિસ્તારના સામાજિક-ધાર્મિક આગેવાનો, યુવાનો, મહિલાઓ, ખેડૂત આગેવાનોશ્રી સહીત કોંગ્રેસના આગેવાનો-કાર્યકરો, સ્થાનિક લોકો મોટી સંખ્યામાં ઉપસ્થિત રહ્યા હતા.

હિરેન બેંકર
પ્રવકતા, ગુજરાત કોંગ્રેસ
૯૭૨૩૫૫૦૩૫૫